# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-11-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

*****************************************************

1) અમૂલ અને IFFCOને વિશ્વની ટોચની દસ સહકારી સંસ્થાઓમાં પ્રથમ બે સ્થાન પ્રાપ્ત થયાં.

2) પેન્શન રાજ્યમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહ આજે ચોથા રાષ્ટ્રવ્યાપી ડિજિટલ જીવન પ્રમાણપત્ર અભિયાનનો પ્રારંભ કરાવશે.

3) ચૂંટણી પંચે નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય ચૂંટણી મુલાકાતી કાર્યક્રમ 2025 શરૂ કર્યો.

4) ભારત અને ઇઝરાયલનો આતંકવાદના શૂન્ય સહિષ્ણુતાના વૈશ્વિક અભિગમને સુનિશ્ચિત કરવાનો પુનરોચ્ચાર.

5) આજે દેશભરમાં દેવદિવાળી અને ગુરુ નાનક જયંતિની ઉજવણી

6) સાતમી નવેમ્બરે સમગ્ર દેશમાં 550થી વધુ જિલ્લામાં હોકી ટુર્નામેંટ યોજાશે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# WORLD-COOPERATIVE-MONITOR-2025

અમૂલ અને (IFFCO)ને વિશ્વની ટોચની દસ સહકારી સંસ્થાઓમાં પ્રથમ બે સ્થાન મળ્યા છે.

ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર કોઓપરેટિવ લિમિટેડ (IFFCO) અને ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (Amul)એ ફરી એકવાર નોંધપાત્ર વૈશ્વિક નેતૃત્વ દર્શાવ્યું છે અને તેમને માથાદીઠ GDP પ્રદર્શનના આધારે વિશ્વમાં ટોચના સહકારી તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.

આ રેન્કિંગ ઇન્ટરનેશનલ કોઓપરેટિવ એલાયન્સ (ICA) વિશ્વ કોઓપરેટિવ મોનિટર 2025 દ્વારા કરવામાં આવ્યું છે. આ યાદી દોહા, કતારમાં સમેલનમાં જાહેર કરવામાં આવી હતી.

આ માન્યતા ગ્રામીણ સ્વ-નિર્ભરતા અને સામૂહિક માલિકીની ભાવના પર બનેલા અમૂલના ડેરી નેટવર્ક પર ભાર મૂકે છે, જે લાખો ખેડૂતોની આજીવિકામાં પરિવર્તન લાવ્યું છે જ્યારે ખાદ્ય સુરક્ષા અને કૃષિ વ્યવસાયમાં ભારતની સહકારી શક્તિનું પ્રતીક છે.

એ જ રીતે, IFFCOનું પ્રદર્શન ખાસ કરીને નોંધપાત્ર છે કારણ કે તે ટકાઉ ખાતર ઉત્પાદન, ડિજિટલ પ્લેટફોર્મ અને પર્યાવરણીય સંભાળ દ્વારા લાખો ખેડૂતોને સશક્ત બનાવીને સહકારના સિદ્ધાંતોને મૂર્તિમંત કરવાનું ચાલુ રાખે છે. તેના ખેડૂત-કેન્દ્રિત માળખા સાથે, IFFCO એ સતત સમુદાય કલ્યાણ, લીલા પહેલ અને તકનીકી નવીનતામાં નફાનું પુનઃરોકાણ કર્યું છે, જે સહકારી સફળતામાં વૈશ્વિક માપદંડ તરીકે પોતાને સ્થાન આપે છે.

# SHAH-AMUL

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમૂલ અને ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર કોઓપરેટિવ લિમિટેડ (IFFCO) ને વિશ્વની ટોચની દસ સહકારી સંસ્થાઓમાં પ્રથમ બે સ્થાન મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી શાહે કહ્યું કે આ સિદ્ધિ અમૂલ સાથે સંકળાયેલી લાખો મહિલાઓ અને IFFCOની સફળતામાં ફાળો આપનારા ખેડૂતોના અથાક સમર્પણને શ્રદ્ધાંજલિ છે. તેમણે કહ્યું કે આ માન્યતા ભારતના સહકારી ચળવળની અપાર સંભાવનાનો પુરાવો છે, જેને સશક્તિકરણ અને આત્મનિર્ભરતાના વૈશ્વિક મોડેલ તરીકે દર્શાવવામાં આવી રહી છે.

# DIGITAL-LIFE-CERTIFICATE-CAMPAIGN

કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન રાજ્યમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહ આજે નવી દિલ્હીમાં ચોથા રાષ્ટ્રવ્યાપી ડિજિટલ જીવન પ્રમાણપત્ર અભિયાનનો પ્રારંભ કરશે. મંત્રાલયે માહિતી આપી કે, આ મહિના સુધી ચાલનારી ઝુંબેશ દેશભરમાં બે હજાર 500 શિબિરોમાં યોજાશે.

આ ઝુંબેશનો ઉદ્દેશ્ય ચહેરા ઓળખ ટેકનોલોજીનો ઉપયોગ કરીને પેન્શનરોના ડિજિટલ સશક્તિકરણને પ્રોત્સાહન આપવાનો છે. આ ઝુંબેશ હેઠળ, બધા પેન્શનરો, ખાસ કરીને વરિષ્ઠ પેન્શનરો, તેમની સુવિધા મુજબ સીમલેસ ડિજિટલ મોડ દ્વારા તેમના જીવન પ્રમાણપત્રો રજૂ કરી શકશે.

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય અને ભારતીય વિશિષ્ટ ઓળખ સત્તામંડળ આ મહિના સુધી ચાલનારા અભિયાન માટે તકનીકી સહાય પૂરી પાડશે.

# ECI-PROGRAM

ચૂંટણી પંચે નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય ચૂંટણી મુલાકાતી કાર્યક્રમ 2025 શરૂ કર્યો. આ કાર્યક્રમ હેઠળ ફ્રાન્સ, દક્ષિણ આફ્રિકા, બેલ્જિયમ, ઇન્ડોનેશિયા, ફિલિપાઇન્સ, થાઇલેન્ડ અને કોલંબિયાના 14 સહભાગીઓ છ નવેમ્બરના રોજ બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાનું અવલોકન કરશે. પંચે જણાવ્યું કે, બિહારની બે દિવસીય મુલાકાત દરમિયાન સહભાગીઓ ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન બાબતે કેન્દ્રોની મુલાકાત લેશે.

ઉદઘાટન સત્રમાં, ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીનો, મતદાર યાદીની તૈયારી અને ચૂંટણી કામગીરીનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને ચૂંટણી કમિશનર ડૉ. વિવેક જોશીએ પણ સહભાગીઓ સાથે વાતચીત કરી.

આ અન્ય દેશો અને આંતરરાષ્ટ્રીય સંગઠનોના ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓ સાથે આંતરરાષ્ટ્રીય સહયોગ અને ક્રિયાપ્રતિક્રિયાને પ્રોત્સાહન આપવા માટે ચૂંટણી પંચનો એક મુખ્ય કાર્યક્રમ છે.

# INDIA-ISRAEL-JWC-MEET

ભારત અને ઇઝરાયલે આતંકવાદના તમામ સ્વરૂપો માટે શૂન્ય સહિષ્ણુતાના વૈશ્વિક અભિગમને સુનિશ્ચિત કરવા પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, ગઈકાલે નવી દિલ્હીમાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને ઇઝરાયલના વિદેશ મંત્રી ગિડીઓન સાર વચ્ચેની વાતચીત દરમિયાન આ પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો.

ઇઝરાયલ વિદેશમંત્રી ભારતની બે દિવસીય મુલાકાતે છે. મંત્રાલયે જણાવ્યું કે બંને નેતાઓએ ભારત-ઇઝરાયલ વ્યૂહાત્મક ભાગીદારીના સમગ્ર સ્પેક્ટ્રમને આવરી લેતી અર્થપૂર્ણ અને વ્યાપક ચર્ચાઓ કરી હતી. બંને મંત્રીઓએ રાજકીય, સુરક્ષા, કૃષિ, વેપાર અને રોકાણ, સંરક્ષણ અને લોકો-થી-લોકોના સંબંધો તેમજ મહત્વપૂર્ણ અને ઉભરતી ટેકનોલોજી, સેમિકન્ડક્ટર, સાયબર સુરક્ષા અને કૃત્રિમ બુદ્ધિમત્તા સહિત અન્ય ક્ષેત્રોમાં ચાલી રહેલા સહયોગની પણ સમીક્ષા કરી હતી.

ડૉ. જયશંકરે ગાઝા શાંતિ યોજના માટે ભારતનો ટેકો પણ વ્યક્ત કર્યો હતો. તેમણે આશા વ્યક્ત કરી કે, શાંતિ યોજના મજબૂત અને લાંબા ગાળાના ઉકેલ માટે માર્ગ મોકળો કરશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે બંને દેશોએ સુષ્મા સ્વરાજ ફોરેન સર્વિસ ઇન્સ્ટિટ્યૂટ અને ઇઝરાયલ વિદેશ મંત્રાલય વચ્ચે તાલીમ અંગેના સમજૂતી કરાર પર પણ હસ્તાક્ષર કર્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# GST

**GST બચત મહોત્સવનો દેશભરના લોકો લાભ લઈ રહ્યા છે. વસ્ત્રો અને ફૂટવેર ક્ષેત્રોમાં નવા GST દર નાગરિકોને કેવી રીતે મદદ કરી રહ્યા છે તે અંગે અમારા સંવાદદાતા અહેવાલ આપે છે.....**

**(V/C- RAHISUDDIN-GST)**

# GURU NANAK JAYANTI

**આજે દેશભરમાં દેવદિવાળી અને ગુરુ નાનક જયંતિ ઉજવવામાં આવી રહી છે, ગુરુ નાનક જયંતિ જેને ગુરુપુરબ તરીકે પણ ઓળખવામાં આવે છે, જે દસ ગુરુઓમાંના પ્રથમ અને શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનક દેવની 556મી જન્મજયંતિ છે. દર વર્ષે કાર્તિક પૂર્ણિમાના દિવસે ઉજવવામાં આવે છે, ગુરુપુરબ**

સામાન્ય રીતે ઓક્ટોબર-નવેમ્બર મહિનામાં આવે છે. તે શીખ ધર્મના સૌથી પવિત્ર તહેવારોમાંનો એક છે.

(V/C- RAJESH BALI)

દરમિયાન, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગુરુ નાનક જયંતિની પૂર્વસંધ્યાએ તમામ નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે. તેમના સંદેશમાં રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે આ પ્રસંગ બધાને ગુરુ નાનક દેવના આદર્શો અને મૂલ્યો અપનાવવા પ્રેરણા આપે છે અને બધાને વધુ સારા સમાજના નિર્માણ તરફ માર્ગદર્શન આપે છે. તેમણે ઉમેર્યું કે ગુરુ નાનકજીનો સંદેશ શીખવે છે કે સત્ય, ન્યાય અને કરુણા પર આધારિત જીવન જીવવુંએ સફળતાનું સાચું માપદંડ છે.

તેઓ બધાને પ્રામાણિકતા સાથે જીવવા અને અન્ય લોકો સાથે સંસાધનો વહેંચવા માટે પણ પ્રેરણા આપે છે. રાષ્ટ્રપતિએ દરેકને ગુરુ નાનક દેવના આદર્શોને તેમના જીવનમાં આત્મસાત કરવા અને વધુ શાંતિપૂર્ણ અને સમૃદ્ધ રાષ્ટ્ર બનાવવા માટે તેમના દ્વારા બતાવેલા માર્ગને અનુસરવા વિનંતી કરી.

# MANSUKH MANDAVIYA

સાતમી નવેમબરે સમગ્ર દેશમાં હોકી ટુર્નામેંટ યોજાશે. મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આ અંગે માહિતી આપી.

(BYTE: MANDVIYA)

# US FREIGHT AIRCRAFT CRASH

અમેરિકામાં ત્રણ ક્રૂ સભ્યોને લઈને જતું એક માલવાહક વિમાન સ્થાનિક સમય મુજબ સાંજે પાંચ વાગ્યે લુઇસવિલે, કેન્ટુકી એરપોર્ટ નજીક દુર્ઘટનાગ્રસ્ત થયું હતું.

ઉડાન ભર્યાના થોડા સમય બાદ દુર્ઘટના ગ્રસ્ત થયેલા આ વિમાનમાંથી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા. કેન્ટુકીના ગવર્નર એન્ડી બેશિયરે જણાવ્યું હતું કે ત્રણ લોકોના મોત થયા છે અને 11 લોકો ઘાયલ થયા છે.

ગવર્નર એન્ડી બેશિયરે જણાવ્યું હતું કે વિમાનમાં સવાર ક્રૂ સભ્યોની સ્થિતિ હજુ પણ અનિશ્ચિત છે અને તેઓ શક્ય તેટલી વહેલી તકે અસરગ્રસ્ત પરિવારો સુધી પહોંચવા માટે પ્રયાસ કરી રહ્યા છે. યુએસનું ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન અને નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ ક્રેશની તપાસ કરી રહ્યું છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના અખબારોમાં બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે પ્રચાર પડઘમ શાંત, બિલાસપુરમાં ટ્રેન અકસ્માત અને રાજ્યમાં એસઆઈઆરનો પ્રારંભ સહિતના સમાચાર મુખ્ય શિર્શકમાં જોવા મળી રહ્યા છે.
- સંદેશ નું મુખ્ય શીર્ષક છે- બિલાસપુરમાં હવે ટ્રેન અકસ્માત:આઠના મોત
- ફૂલછાબનું મુખ્ય શીર્ષક છે - બિલાસપુરમાં યાત્રી ટ્રેન માલગાડી પર ચડી ગઈ!
- નવગુજરાત સમય લખે છે- બિહારમાં પ્રથમ તબક્કાની ચૂંટણી માટે પ્રચાર પડઘમ શાંત
- દિવ્ય ભાસ્કર લખે છે- એસઆઈઆર બાદ ગુજરાતમાં 20 લાખ મતદાતાઓનું નામ ડીલીટ,10 લાખથી વધુનો ઉમેરો થઈ શકે.